વડાપ્રધાન મોદી લોકસભામાં વિપક્ષ પર વરસ્યા

નવા કૃષિ કાયદા કોઈને જકડતા નથી તે વૈકલ્પિક છે : નરેન્દ્ર મોદી

ન્યુ દિલ્હી,તા.૧૦

લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર ચર્ચા દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફરી એકવાર આંદોલનકારી ખેડૂતોને સંદેશ આપ્યો હતો. વડાપ્રધાને કહ્યું હતું કે, નવા કૃષિ કાયદાઓ કોઈને પણ જકડતા નથી, તમામ માટે વૈકલ્પિક વ્યવસ્થા હાજર છે. એટલે કે ઈચ્છાનુસાર વિકલ્પ પસંદ કરી શકે છે. સરકારે જૂની મંડળી સિસ્ટમને યથાવત રાકી છે અને આ બજેટમાં મંડળીઓને આધુનિક બનાવવા માટે વ્યવસ્થા કરવામાં આવી. પીએમ મોદીએ એમએસપી પર પણ આશ્વાસન આપ્યું હતું.

પીએમ મોદીએ કોંગ્રેસ પર નિશાનો સાધતા કહ્યું કે વિપક્ષે કૃષિ કાયદાઓને બ્લેક લો કહેતા તેના કલર પર ચર્ચા કરી પરંતુ તેના કન્ટેન્ટ પર ચર્ચા કરી હોત તો પરિણામ સારુ આવતું. આંદોલનકારી ખેડૂતોને સંદેશ પાઠવતા પીએમ મોદીએ કહ્યું હતું કે આંદોલન કરી રહેલા તમામ ખેડૂતોની ભાવનાઓની સદન આદર કરે છે અને આ માટે જ સરકાર સતત આદરભાવથી વાત કરી રહી છે. સતત વાતચીત ચાલી રહી છે. ખેડૂતોની શંકાઓ પર ચર્ચા કરવામાં આવી રહી છે, કંઈ ખોટ હોય તો એ બદલવા માટે તૈયાર છીએ.

પીએમ મોદીએ કૃષિ સુધારાઓ પર જોર આપતાં કહ્યું હતું કે જ્યાં સુધી ખેતીને આધુનિક નહીં બનાવીએ ત્યાં સુધી એગ્રીકલ્ચર સેક્ટર મજબૂત નહીં બની શકે. ખેડૂત આંદોલન પર તેમણે કહ્યું હતું કે સુધારાઓનો શરુમાં વિરોધ થાય છે પરંતુ સત્ય સામે આવતા લોકોમાં સમજ પણ આવે છે. જોકે આ દરમિયાન સદનમાં ભારે કોંગ્રેસ દ્વારા ભારે હંગામો કરવામાં આવ્યો હતો અને તેના સભ્યો સદનથી વોકઆઉટ પણ કરી જતાં પીએમ મોદીએ કોંગ્રેસ પાર્ટી પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે એવા આરોપ પણ લગાવ્યા હતા કે કોંગ્રેસનું વલણ રાજ્યસભા અને લોકસભામાં અલગ-અલગ હોય છે. વડાપ્રધાને કોરોના મહામારીનો ઉલ્લેખ કરતા કહ્યું કે મહામારીને લીધે આવેલા સંકટ પર અનુમાન બાંધી લેવાયા હતા કે ભારત આ પડકારને કેવી રીતે ઝીલશે. પરંતુ ૧૩૦ કરોડ ભારતવાસીઓના અનુશાસન અને સમર્પણએ દેશને બચાવી રાખ્યો. કોરોના મહામારી અને લોકડાઉન દરમિયાન દેશના અર્થતંત્રને જીવંત રાખવા માટે કેન્દ્ર સરકારે લીધેલા નિર્ણયો અને ઉઠાવેલા પગલાઓનું પણ પીએમ મોદીએ વર્ણન કર્યું હતું.

મોદીએ કહ્યું, 'આ ગૃહમાં ૧૫ કલાકથી પણ વધુ ચર્ચા થઈ ચે. સભ્યોએ ચર્ચાને જીવંત બનાવી છે. તમામ સભ્યોનો આભાર વ્યક્ત કરું છું. હું વિશેષ રૂપે મહિલા સાંસદોનો આભાર વ્યક્ત કરું છું. તેમની ભાગીદારી પણ વધુ હતી. રિસર્ચ કરીને મુદ્દાઓ રાખવાનો તેમનો પ્રયાસ હતો. પોતાની વાતોને તૈયાર કરીને તેઓએ આ ગૃહ અને ચર્ચાને સમૃદ્ધ કરી છે. તેથી તેમની તૈયારી, તેમના તર્ક અને તેમની દિર્ઘદ્રષ્ટી માટે હું વિશેષ રૂપે મહિલા સાંસદોનો આભાર વ્યક્ત કરું છું.'

આનંદ આશ્રમના સેવા મથક ખાતે ગઈકાલે નિઃશુલ્ક કાઉન્સેલિંગ સેવા નો લાભ લીધો

વડોદરા,,તા.૧૦

વડોદરા વાસી ને જણાવતા આનંદ થાય છે કે આનંદ આશ્રમ ના સેવા મથક ખાતે ગઈકાલે નિઃશુલ્ક કાઉન્સેલિંગ સેવા નો લાભ લીધો આ કાઉન્સેલિંગ સેવામાં અત્યાર સુધી ૨૧૦ થી વધારે લોકોના તણાવ ગ્રસ્ત જીવન ને સામાન્ય જીવન પર પરત લાવ્યા.

વડોદરા વાસી ને આનંદ આશ્રમ ની આ નિઃશુલ્ક કાઉન્સેલિંગ ની અવિરત સેવા નો (દરેક પ્રકાર ની માનસિક ચિંતા અને પરિસ્થતિ) અનેક લોકો લાભ લઇ રહ્યા છે અને આ સેવા નો લાભ વધુ ને વધુ લોકો ને મળે તે માટે હેલ્પલાઈને નંબર ૯૭૧૨૫૧૫૧૫૧ અમારા કુશળ મનો વૈજ્ઞાનિક ટીમ ના પ્રમુખ કૌશલ લાખાણી નો સંપર્ક કરવા વિનંતી

પ્રેમ ને અનોખા અંદાજ માં પ્રદર્શિત કરતા ગુજરાતી સોન્ગ મોસમ નું લોન્ચ કરવામાં આવ્યું

અમદાવાદ, ૯

લાગણી, વર્તન અને સ્નેહની તીવ્ર લાગણીઓ, રક્ષણાત્મકતા, હૂંફ અને બીજી વ્યક્તિ પ્રત્યે આદર સાથે સંકળાયેલ માન્યતાઓનું મિશ્રણ એટલે પ્રેમ અને એજ પ્રેમ ને ખુબજ અનોખા અંદાજ માં દર્શાવતા ગીત મોસમ નું લોન્ચ કરવામાં આવ્યું છે. આ ગીત બધાજ ઓનલાઇન પ્લેટફોર્મ પર ઉપલબ્ધ છે.આ સોન્ગ ના કંપોઝર, સિંગર અભિષેક સોની એ જણાવ્યું કે આ સોંગ ગુજરાતી સંગીતમાં એક નવો જ ટ્રેન્ડ સેટ કરશે. આ ગીત થકી ગુજરાતી ગીતો માં એક નવી મોસમ જોવા મળશે અને લોકો ને આ સોન્ગ ખુબજ વધારે પસંદ આવશે એની અમને ખાતરી છે. મોસમ' એ ગાઢ પ્રેમને વ્યક્ત કરવા માટેનો એક સાંકેતિક શબ્દ છે. આ જ શબ્દ 'મોસમ' આ સોંગના લીરિસિસ્ટ તેજસ દવેને સંપૂર્ણ સોંગ લખવા માટે મજબૂર કરે છે. સોંગ માં સિંગર ક્રિશાની ગઢવીએ પણ સાથે આપ્યો છે. સાથે જ આ સોંગના ડાયરેક્ટર નિસાર મન્સૂરીનું કહેવું છે કે સોંગની વિશેષતા એ છે કે અંતરામાં 'મોસમ' શબ્દને લીરિસિસ્ટ અને કંપોઝરે અલગ રીતે વ્યક્ત કર્યો છે. જેના કારણે સમગ્ર સોંગ એક સરસ 'સ્ટોરી' નું સ્વરૂપ ધારણ કરે છે.આ 'મોસમ' સોંગ અન્ય ભાષાઓમાં પણ રિલીઝ થશે.આ સોંગની સ્ટાર કાસ્ટ માયરા દેશી અને કંપોઝર અભિષેક સોનીનું કાસ્ટીંગ પણ આ સોંગની સ્ટોરી પ્રમાણે પરફેક્ટ થયું છે. સોંગના કો-પ્રોડ્યુસર સાહેબ મલિક, મનિષ ધાનિજ, રોનક રાજકોટવાલા અને એક્ઝિક્યુટિવ પ્રોડ્યુસર વિકી મહેતાએ કહ્યુંકે સ્ટોરીની ડિમાન્ડ મુજબ સમગ્ર વીડિયોમાં દરેક બાબતોનું ધ્યાન રાખવામાં આવ્યું છે. સમગ્ર સોંગનું મ્યુઝિક પ્રોગ્રામિંગ દર્શન શાહે કર્યું છે. આ સોંગ સાથે જોડાયેલ તમામ ટીમ મેમ્બરનું માનવું છે કે ગુજરાતી સંગીતમાં આ 'મોસમ' સોંગ એક અલગ જ ટ્રેન્ડ સેટ કરશે

૬ મહાનગરપાલિકાની ૨૧ ફેબ્રુઆરીએ યોજાનારી ચૂંટણીમાં

૫૭૧ બેઠકો ઉપર ૨૨૯૯ ઉમેદવારો વચ્ચે જામશે જંગ :પ્રચારનો ધમધમાટ શરૂ

(પ્રતિનિધિ) અમદાવાદ,તા.૧૦

ગુજરાત રાજ્યની તમામ મહાનગરપાલિકાની ચૂંટણીનું રણશીંગુ ફુંકાઈ ગયું છે. ગઇકાલે ચૂંટણીમાં ફોર્મ ખેંચવાનો છેલ્લો દિવસ હતો. જેના બાદ મોડી સાંજે ફાઈનલ ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થયું છે. ગુજરાતની ૬ મહાનગર પાલિકાઓમાં ચૂંટણી લડવા ૨૨૯૯ ઉમેદવારો મેદાનમાં છે. જેમાં અમદાવાદમાં ૭૭૧, વડોદરામાં ૨૮૭, સુરતમાં ૪૮૪, જામનગરમાં ૨૩૬, રાજકોટમાં ૩૧૦ અને ભાવનગરમાં ૨૧૧ ઉમેદવારો મેદાનમાં છે. ત્યારે હવે ગુજરાતમાં મનપાની ચૂંટણી માટે પ્રચારનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. ગુજરાતની ૬ મહાનગર પાલિકાઓમાં ભાજપ-કોંગ્રેસના ઉમેદવારોએ પ્રચારમાં જોર લગાવ્યું છે. ૨૧ ફેબ્રુઆરીએ મતદાન યોજાશે અને ૨૩ ફેબ્રુઆરીએ પરિણામ જાહેર થશે.

ગુજરાતની ૬ મહાનગર પાલિકાઓમાં ભાજપ-કોંગ્રેસ ઉપરાંત આપ અને એઆઇએમઆઇએમ પાર્ટીના ઉમેદવારોએ પ્રચારમાં જોર લગાવ્યું છે. અમદાવાદ મહાનગરપાલિકા માટે ઉમેદવારોનું આખરી ચિત્ર સ્પષ્ટ થયું છે. ૪૮ વોર્ડની ૧૯૨ બેઠકો માટે કુલ ૭૭૧ ઉમેદવારો મેદાનમાં છે. જેમાં ભાજપનો ૧ ઉમેદવાર બિનહરીફ વિજેતા જાહેર થયો છે. મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપના ૧૯૧ ઉમેદવારો અને કોંગ્રેસના ૧૮૮ ઉમેદવાર મેદાનમાં છે. તો બહુજન સમાજ પાર્ટીના ૫૪ અને આમ આદમી પાર્ટીના ૧૫૫ ઉમેદવારો મેદાનમાં છે. તેમજ અપક્ષમાં ૮૬ અને અન્ય પક્ષોના ૫૬ ઉમેદવારો મેદાનમાં છે.

રાજકોટ મહાનગરપાલિકાની ૭૨ બેઠકો માટે ૨૯૩ ઉમેદવારો વચ્ચે ચૂંટણીનો જંગ જામશે. રાજકોટમાં પણ ફોર્મ પરત ખેંચવાના છેલ્લા દિવસે પણ ખેંચતાણ યથાવત રહી હતી. આ દિવસે વિરોધી પક્ષની પેનલને તોડવા માટે ભાજપ કોંગ્રેસ બંને પક્ષોએ પ્રયાસ કર્યા હતા. કોંગ્રેસના ઉમેદવારો તૂટવાની શરૂઆત થતા પક્ષે પોતાના નબળા ઉમેદવારોને ફાર્મહાઉસમાં નજરકેદ કરીને રાખ્યા હતા. તો બીજી તરફ કોંગ્રેસે એનસીપીના ઉમેદવારોના ફોર્મ પરત ખેંચાવવાનો પ્રયાસ કર્યો હતો. આ પ્રયાસોમાં કોંગ્રેસને સફળતા મળી હતી અને એનસીપીના ચાર ઉમેદવારે છેલ્લી ઘડીએ ફોર્મ પાછા ખેંચી લીધા હતા. તો વડોદરા મનપાના ૧૯ વોર્ડની ૭૬ બેઠકો પર ૨૮૭ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ જામશે. ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે કુલ ૭ ફોર્મ પરત ખેંચાયા. અમદાવાદ મનપાના ૪૮ વોર્ડની ૧૯૨ બેઠક પર ૪૮૦ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ જામશે. જામનગર મનપામાં ૧૬ વોર્ડની ૬૪ બેઠક પર ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે ૧૪ ફોર્મ પરત ખેંચાતા હવે ૨૩૬ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. જેમાં ભાજપના ૬૪ અને કોંગ્રેસના ૬૨ ઉમેદવારો મેદાનમાં ઉતરશે. સુરત મનપાના ૩૦ વોર્ડમાં ૪૮૪ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે. સુરતમાં કોંગ્રેસના ઉમેદવારો સહિત કુલ ૧૫ ઉમેદવારોએ ઉમેદવારી પરત ખેંચતા ૩૦ વોર્ડની ૧૨૦ બેઠક પર કુલ ૪૮૪ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. સુરતમાં જે ઉમેદવારો ચૂંટણી મેદાનમાં રહ્યા છે તેમાં ભાજપના ૧૨૦, કોંગ્રેસના ૧૧૭, આમ આદમી પાર્ટીના ૧૧૪, અપક્ષ ૫૫ અને અન્ય પક્ષના ૭૮ ઉમેદવારો છે.

ભાવનગર મનપાની ચૂંટણીમાં ફોર્મ ખેંચવાના અંતિમ દિવસે ૧૦ ફોર્મ પરત ખેંચાતા ભાવનગર મનપામાં હવે કુલ ૨૧૧ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં રહ્યા છે. આમ, રાજ્યની ૬ મહાનગરપાલિકાની ૫૭૨ બેઠકો માટે ૨૨૯૯ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ જામશે. જો કે, અમદાવાદ મનપામાં નારણપુરા વોર્ડમાં ભાજપે એક બેઠક બિનહરીફ જીતી લેતા હવે ૬ મનપામાં ૫૭૧ બેઠકો ઉપર ભાજપ, કોંગ્રેસ, આપ સહિત અન્ય પાર્ટીઓના ઉમેદવારો વચ્ચે જંગ જામશે.

રાષ્ટ્ર માટે હરિત અને સ્વચ્છ ઉર્જાની યોજના ગેસ અને તેલનાં સંરક્ષણ માટે વ્યૂહાત્મક આયોજન

૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૧ દરમિયાન યોજાઈ રહ્યો છે. સક્ષમ સંરક્ષણ ક્ષમતા મહોત્સવ ૨૦૨૧નું આયોજન તેલ ઉદ્યોગ અને તેની જાહેર ક્ષેત્રની કંપનીઓ જેમકે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિ. ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિ., હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિ., અને ગેઈલ (ઈ) લિ. દ્વારા પેટ્રોલિયમ કન્ઝર્વેશન એન્ડ રિસર્ચ એસોસિએશન (પીસીઆરએ)નાં સહયોગમાં કરવામાં આવે છે. સક્ષમ ૨૦૨૧ની થીમ હરિત અને સ્વચ્છ ઉર્જા છે. કારણ કે દેશમાં તેલ અને ગેસનાં સંરક્ષણની તાતી જરૂરિયાત છે, જેથી તેના ફાયદાઓ ભવિષ્યમાં આવનારી પેઢીને આપી શકાય.

સક્ષમ ૨૦૨૧નાં ભાગરૂપે તેલ કંપનીઓ અને પીસીઆરએ દ્વારા તેલ અને ગેસનાં સંરક્ષણ માટેની વ્યૂહરચના ઘડી કાઢવામાં આવી છે. આ યોજનાઓ અનુસાર ભવિષ્યમાં કેરોસિન મુક્ત રાજ્યો હશે અને વધારેલા કનેકશન્સને કારણે કેરોસિનની ખેંચ ઘટશે. ઘણા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ પોતાને કેરોસિનમુક્ત જાહેર કર્યા છે. બળતણ અસરકારકતામાં આ સિસ્ટમ દ્વારા પ્રત્યેક નાગરિક પોષાય તેવા ભાવોમાં પ્રદૂષણમુક્ત બળતણ મેળવશે અને બળતણનો બગાડ અંકુશમાં આવશે. પાઈપલાઈન ગેસનાં વપરાશ દ્વારા ઘરેલું ઊર્જાની માંગ પણ ઘટશે. સ્વચ્છ પર્યાવરણ પરંપરાગત સ્ત્રોતો જ્યારે ઘટી રહ્યાં છે ત્યારે ડીફોરેસ્ટેશનને અટકાવીને કુદરતી ગેસનો સ્ત્રોત આશિર્વાદરૂપે માની શકાય છે. પર્યાવરણનાં જતન માટે દઢ આયોજન કરવામાં આવ્યું છે. હાઈડ્રોજનને H-CNGમાં ઉમેરવામાં આવ્યો છે, જેથી ભવિષ્યમાં તે વૈકલ્પિક બળતણ તરીકે વાપરી શકાય. તેનાથી પરંપરાગત બળતણોનાં વપરાશ ઘટતાં હાઈડ્રોજનનો રિન્યુએબલ એનર્જી તરીકેનો કાર્યક્રમ વધુ મજબૂત બનશે.

આ સ્ત્રોતોનો અસરકારક ઉપયોગ થતાં વધુ પરંપરાગત બળતણોની બચત થશે. પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના (પીએમયુવાય) દ્વારા ગરીબ મહિલાઓને રાંધતી વખતે બળેલા કોલસા, લાકડા અને અન્ય અસ્વચ્છ બળતણોથી મુક્ત કરીને સ્વચ્છ ઈંધણ પુરુ પડવાની યોજના છે. દેશભરમાં આઠ કરોડથી પણ વધુ એલપીજી કનેકશન્સ પૂરા પાડવામાં આવ્યા છે. દેશમાં વાહનવ્યવહાર માટે બાયોફ્યુઅલ્સનો વપરાશ વધારવામાં આવે તો ઊર્જા સંરક્ષણમાં મોટી બચત થાય અને ભારતની વિશાળ જનસંખ્યાની મોટી જરૂરિયાતોને સંતોષી શકાય. પ્લાસ્ટીક વેસ્ટને ડિઝલમાં રૂપાંતરિત કરવા માટેનો પ્રોજેક્ટ દહેરાદૂનમાં કાર્યાન્વિત થયો છે. આ પ્લાન્ટમાં દૈનિક એક ટન પ્લાસ્ટીક વેસ્ટનું ૮૦૦ લિટર ડિઝલમાં રૂપાંતર થઈ શકે છે. આ બળતણ ઓટોમોટિવ ગ્રેડનું છે.ઉર્જા ઉદ્યોગમાં પ્લાસ્ટીકમાંથી ફ્યુઅલ બનાવવાનાં પ્રોજેક્ટસનું ખાસ આકર્ષણ છે. સિંગલ યુઝ પ્લાસ્ટીક્સનાં વધારે વપરાશને કારણે સંશોધનકર્તાઓ પ્લાસ્ટીકમાંથી બનતા ફ્યુઅલ્સ અંગે વધુ સંશોધનો કરી રહ્યાં છે.ભારત સરકાર પણ એનર્જી ડિપ્લોમસી દ્વારા અન્ય દેશોમાં રોકાણ કરીને બંનેને ફાયદો થાય તેવા સંબંધો કેળવી રહી છે. આજે ઈન્ડિયન ઓઈલ અને ગેસ પીએસયુઓએ વિદેશોમાં રોકાણ કરીને ગુણવત્તાસભર તેલ અને ગેસ એસેટ્સ હાંસલ કરવાની નિપૂણતા હસ્તગત કરી છે.

ગુજરાતનાં ૬ કોર્પોરેશનનાં મેયર પદ માટે અનામત વ્યવસ્થા જાહેર

(પ્રતિનિધિ) અમદાવાદ,તા.૧૦

ગુજરાતમાં ૬ મહા નગર પોલિકાઓની ચૂંટણનું રણશીંગું ફૂંકાઇ ચૂક્યું છે ત્યારે આજે છ કોર્પોરેશનના મેયર પદ માટે અનામત વ્યવસ્થા જાહેર કરી દેવામાં આવી છે. જે મુજબ, તમામ ૬ મહાનગરોમાં બે ટર્મ રહેશે જે, પ્રથમ અઢી અને બાકીના અઢી વર્ષ માટે રિઝર્વેશન હશે. તો બીજી તરફ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં અનામત માટેના રોટેશન અંગેની અરજી પણ હાઈકોર્ટે ફગાવી છે. રાજ્યના ૬ મહાનગરોમાં અમદાવાદમાં પ્રથમ અઢી વર્ષ એસસી મેયર હશે. બીજા અઢી વર્ષ માટે મહિલા અનામત જાહેર કરવામાં આવી છે. જ્યારે સુરતમાં પ્રથમ અઢી વર્ષ મહિલા અનામય જાહેર કરેલ છે, જ્યારે બીજા અઢી વર્ષ માટે જનરલ અનામત છે. આ ઉપરાંત વડોદરામાં પ્રથમ અઢી વર્ષ જનરલ અને બીજા અઢી વર્ષ માટે મહિલા અનામત જાહેર કરવામાં આવ્યું છે. સૌરાષ્ટ્રમાં રાજકોટમાં પ્રથમ અઢી વર્ષ બેકવર્ડ ક્લાસનાં મેયર અને બીજા અઢી વર્ષ માટે મહિલા અનામત જાહેર થયેલ છે. જ્યારે ભાવનગરમાં પ્રથમ અઢી વર્ષ મહિલા અનામત અને બીજા અઢી વર્ષ માટે બેકવર્ડ ક્લાસનાં મેયર સત્તા સંભાળશે. આ ઉપરાંત જામનગર માટે પ્રથમ અઢી વર્ષ મહિલા અનામત અને બીજા અઢી વર્ષ માટે એસસી પદાધિકારી મેયર રહેશે. દરમિયાન સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં અનામત માટેના રોટેશનની યોગ્ય અમલવારી થતી ન હોવાની ફરિયાદ સાથે પિટિશન દાખલ કરવામાં આવી હતી. જેની આજરોજ સુનાવણી બાદ હાઈકોર્ટે ફગાવી હતી. અનામતના રોટેશન મામલે હસ્તક્ષેપ કરવાનો હાઇકોર્ટે ઇન્કાર કર્યો હતો. ચૂંટણીપંચની હાઇકોર્ટમાં રજૂઆત હતી કે, ચૂંટણીની તારીખો જાહેર થઈ ગયા બાદ બંધારણીય બાધ નડે છે, તેથી પ્રાથમિક રીતે અરજદારોની અરજીઓ ટકવાપાત્ર નથી.

એશિયન ગ્રેનિટો ઈન્ડિયા લિમિટેડનો ચોખ્ખો નફો Q3 FY21માં ૧૨૬ ટકા વધીને રૂ.૨૫ કરોડ નોંધાયો

ભારતની અગ્રણી ટાઇલ્સ બ્રાન્ડની ઉત્પાદક એશિયન ગ્રેનિટો ઇન્ડિયા લિમિટેડ (એજીઆઈએલ)એ ડિસેમ્બર ૨૦૨૦માં સમાપ્ત થતાં ત્રીજા ત્રિમાસિક ગાળામાં ઉત્તમ નાણાકીય કામગીરી દર્શાવી છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના ત્રીજા ત્રિમાસિક ગાળા દરમિયાન રૂ.૨૪.૯ કરોડનો ચોખ્ખો નફો કર્યો હતો, જે Q3FY20માં કંપનીએ નોંધાવેલા રૂ.૧૧ કરોડના ચોખ્ખા નફાની તુલનાએ ૧૨૫.૬ ટકાનો વધારો દર્શાવે છે. ડિસેમ્બર ૨૦૨૦માં સમાપ્ત થયેલ ત્રિમાસિક ગાળાનું સંકલિત ચોખ્ખું વેચાણ રૂ.૩૮૪.૬ કરોડ નોંધાયું હતું, જે અગાઉના નાણાકીય વર્ષના સમાન સમયગાળાના રૂ.૨૯૭.૯ કરોડના ચોખ્ખા વેચાણની તુલનાએ ૨૯ ટકા વધારે છે. ડિસેમ્બર ૨૦૨૦માં સમાપ્ત થયેલ ત્રિમાસિક ગાળા દરમિયાન કોન્સોલિડેટેડ એબિટા રૂ. ૪૯.૫ કરોડ નોંધાઈ હતી જે Q3 FY20માં રૂ.૩૩.૫ કરોડ હતી. કંપનીના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર કમલેશ પટેલે કંપનીની ઉત્કૃષ્ટ કામગીરી અંગે બોલતાં જણાવ્યું હતું કે ચાલુ નાણાકીય વર્ષના ત્રીજા ત્રિમાસિક ગાળામાં અમે મૂલ્ય વૃદ્ધિ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું ચાલુ રાખ્યું હોવાથી વિવિધ બજારોમાં અમારા ઉત્પાદનોની માંગે અમારી સફળતાને વધુ મજબૂત બનાવી હતી. વેચાણમાં નોંધાયેલી ૨૯ ટકાની વૃદ્ધિ પરિણામની મજબૂતી દર્શાવે છે. શહેરી અને ગ્રામીણ બંને બજારોમાં અમારી લોકપ્રિયતા છેલ્લા બે ત્રિમાસિક ગાળાથી યથાવત જળવાઈ રહી છે. ખાસ કરીને શહેરી બજારોને લીધે ડિસેમ્બર, ૨૦૨૧માં રિઅલ એસ્ટેટ સેગમેન્ટની કામગીરીને નવી ગતિ પૂરી પાડી છે. હાઉસિંગ સેગમેન્ટમાં વૃદ્ધિનો નવો સંચાર થાય તથા ટાઈલ્સ બાથવેર ઉત્પાદનોની માગ વધે તે માટે કેન્દ્રીય બજેટ ૨૦૨૧માં અસંખ્ય પહેલોની જાહેરાત કરવામાં આવી છે.

એલજી એ ભારતના પ્રથમ ૯૯% બેક્ટેરિયા સુરક્ષિત યરબડ્સ બજારમાં મૂકયા

એલજીએ ટોનફ્રી હાઇજેનીક પ્રીમિયમ યરબડ્સ લોન્ચ કર્યા છે જેની બેટરી ૨૧ કલાક ચાલે છે અને માત્ર પાંચ મિનિટના ચાર્જિંગમાં એક કલાક ગીતો સાંભળી શકાય છે આ યરબડ્સની ખૂબી એ છે કે તેનાથી આજુબાજુમાં થતો અવાજ કાનમાં સંભળાતો નથી. એચ બી એસ એફ એન ૭ અને એચબએસએફ એન ૬ આ બે નવા અનોખા યુવી નેનો ચાર્જિંગ યુક્ત છે. આ યરબડ્સમાં ચાર્જીગ દરમિયાન ૯૯% બેક્ટેરિયા નાશ પામે અને વાપરનારને દિવસભર તાજગી આપે છે એલજી ઇલેક્ટ્રોનિક્સ પ્રાઇવેટ લિમિટેડના સેલ્સ હેડ સુરેન્દ્દર સહદેવના જણાવ્યા મુજબ આ બંને મોડલ અદ્યતન એલજી ટેકનોલોજી યુક્ત છે જે ડિજિટલ સિગ્નલ પ્રોસેસિંગ યુક્ત ઉચ્ચતમ આવાજ પૂરો પાડે છે જે એલજીના વિશ્વસનીયતા ભાગીદાર સુપ્રસિદ્ધ બ્રિટિશ ઓડિયો ટેકનોલોજીની દેન છે. એફ એન સેવન અને એફ એન સિક્સ ની કિંમત અનુક્રમે ૩૧૮૯૯૦ અને ૧૩૨૯૦ છે.

sparc

SUN PHARMA ADVANCED RESEARCH COMPANY LIMITED
CIN: L73100GJ2006PLC047837 Website: www.sparc.life
Regd. Office: Plot No. 5&6/1,Savli G.I.D.C. Estate, Savli – Vadodara Highway, Manjusar - 391775, Dist.-Vadodara, Gujarat, India
Tel: 02667 666 800
Corporate Office: 17/B, Mahal Industrial Estate, Off. Mahakali Caves Road, Andheri (East), Mumbai – 400 093, Maharashtra.
Tel: 022 6645 5645 Fax: 022 6645 5645

NOTICE

Notice is hereby given that the following share certificates as detailed below issued by Sun Pharma Advanced Research Company Limited, have been reported by the registered shareholder(s)/ bonafide purchasers to have been lost/ misplaced/stolen. The Company has also received requests for issue of duplicate share certificates from the registered shareholder(s)/bonafide purchaser(s) of these shares.

Name of the Shareholders	Folio No	Dist. Nos From - To	Cert Nos.	No. of Shares
ROOHI R OOMERBHOY N R OOMERBHOOY (DECEASED)	009864	123011- 123046	1852	36

The public are hereby cautioned against purchasing or dealing in any way with the above referred share certificates. Any person(s) who has/have a claim in respect of the said shares should lodge such claims or claim with Link Intime India Pvt Ltd., 247 Park, C 101, 1st Floor, LBS Marg, Vikhroli (W), Mumbai 400083 within 15 days from the date of publication of this notice after which no claim will be entertained and the Company will proceed to issue duplicate certificates in respect of the said shares.

For SUN PHARMA ADVANCED RESEARCH COMPANY LIMITED,
sd/-
DEBASHISH DEY
COMPANY SECRETARY

Place : Mumbai
Date : 10.02.2021

INEOS STYROLUTION
Driving Success. Together.

INEOS STYROLUTION INDIA LIMITED
Registered Office : 5th Floor, Ohm House-II, Ohm Business Park, Subhanpura, Vadodara - 390 023, Gujarat, India
Corporate Identity Number (CIN) : L25200GJ1973PLC002436
Tel. : +91 265 2303201, 2303202 Fax : +91 265 2303203
Email : INSTY.secshare@ineos.com | Website : www.ineosstyrolutionindia.com

EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND NINE MONTHS ENDED DECEMBER 31, 2020

(INR in Lacs except EPS)

Sr No	Particulars	For the Quarter ended on Dec 31, 2020	For the Quarter ended on Sep 30, 2020	For the Quarter ended on Dec 31, 2019	For the Nine Months ended on Dec 31,2020	For the Nine Months ended on Dec 31, 2019	For the Year ended on Mar 31, 2020
1	Total Income from Operations	48,483.14	39,458.46	33,968.47	99,493.64	1,22,000.26	1,57,899.91
2	Net Profit / (Loss) for the period (before Tax and Exceptional items)	13,526.06	5,506.71	(580.96)	15,961.88	1,556.72	2,445.64
3	Net Profit / (Loss) for the period before tax (after Exceptional items)	13,526.06	5,506.71	(4,376.41)	15,961.88	(2,238.73)	(1,349.81)
4	Net Profit / (Loss) for the period after tax (after Exceptional items)	10,299.73	3,584.12	(3,314.36)	11,881.31	(1,397.53)	(952.26)
5	Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)]	10,248.82	3,570.85	(3,316.59)	11,798.83	(1,415.73)	(973.40)
6	Equity Share Capital	1,758.56	1,758.56	1,758.56	1,758.56	1,758.56	1,758.56
7	Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year	-	-	-	-	-	59,170.03
8	Earnings Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) Basic and Diluted	58.57	20.38	(18.85)	67.56	(7.95)	(5.41)

Notes:
(1) The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company at their respective meetings held on February 10, 2021. The Limited Review Report does not contain any qualification by the statutory auditors.
(2) The above extract of the detailed format of the financial results for the quarter and nine months ended on December 31, 2020 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of these financial results are available on the Stock Exchange websites (www.bseindia.com / www.nseindia.com) and company's website (www.ineosstyrolutionindia.com).

For INEOS STYROLUTION INDIA LIMITED
Sanjiv Vasudeva
Managing Director and CEO

Place : Vadodara
Date : February 10, 2021

આવર્તનમાં વધારો
૦૨૯૭૧/૦૨૯૭૨

બાંદ્રા(ટર્મિ) - ભાવનગર
ત્રિ-સાપ્તાહિક સ્પેશિયલ એક્સપ્રેસ ટ્રેન
હવે દરરોજ ચાલશે

ટ્રેન નં. ૦૨૯૭૧/૦૨૯૭૨ ની વધારાની મુસાફરી માટેનું બુકિંગ **બાંદ્રા (ટર્મિ) - ભાવનગર સ્પેશિયલ એક્સપ્રેસ ટ્રેન** ફીક્વન્સી સપ્તાહમાં ત્રણ દિવસની જગ્યાએ હવે દરરોજ ચાલશે . તેને લગતી વિગતો આવર્તનમાં વધારા સાથે નીચે મુજબ છે .

બાંદ્રા (ટર્મિ) ⇌ ભાવનગર

ટ્રેન નં.	પ્રસ્થાન	આગમન	સેવાની તારીખ
૦૨૯૭૧	બાંદ્રા (ટર્મિ) ૧૯.૧૦ કલાકે	ભાવનગર ૦૮.૧૫ કલાકે	W.E.F ૧૭/૦૨/૨૦૨૧ (દરરોજ)
૦૨૯૭૨	ભાવનગર ૧૮.૩૦ કલાકે	બાંદ્રા (ટર્મિ) ૦૮.૧૫ કલાકે	W.E.F ૧૬/૦૨/૨૦૨૧ (દરરોજ)

રોકાણો : અંધેરી, બોરીવલી, વાપી, વલસાડ, નવસારી, સુરત, વડોદરા જં, અમદાવાદ જં, વિરમગામ જં, સુરેન્દ્રનગર, જોરાવરનગર, લીંબડી, રાણપુર, બોટાદ જં, ધોલા જં, સોનગઢ, સિહોર ગુજરાત અને ભાવનગર પરા સ્ટેશનો પર બંને દિશામાં રોકાશે.

સંયોજન : એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને સેકન્ડ ક્લાસ સીટીંગ કોચીસ

ટ્રેન સંબંધિત વિગતવાર સમય અને સ્ટોપેજ માટે કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લો

- કન્ફર્મ ટિકિટ